# શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ સાવરકુંડલા




સામાન્ય રીતે નદી કિનારે વસેલા શહેરો સુંદર અને સમુદ્ર હોય છે. જેમકે પાટણ, અમદાવાદ,વડોદરા,સુરત,ભરૂચ વગેરે શહેરોની માફક અમારું સાવરકુંડલા શહેર પણ 'નાવલી'નદીના કિનારે આવેલું છે. આ બધાને માફક મારું સાવરકુંડલા શહેર પણ પોતાની આગળ અસ્મિતા ધરાવે છે.અને તે 'કુંડલા' ના હૂલામણ ના નામે ઓળખાય છે.અહીંના તોલમાપના કાંટા ભારતભરમાં જાણીતા છે.

આ વિદ્યાર્થી ગ્રુહ માં એક ભવ્ય જિનાલય છે જય શ્રી શાંતિનાથ દાદા બિરાજમાન છે. પાલિતાણા,તળાજા, મહુવા,ઉના,અંજારા,દાઠા,વલભીપુર અને જૂનાગઢ જેવા ભવ્ય તીર્થો આ શહેરની નજીકમાં છે. આ શેરમાં અનેક છાત્રાલયો છે. અમરેલી જિલ્લાના અમરેલી પછીનું આ બીજું મુખ્ય શહેર છે. જે શિક્ષણ ક્ષેત્રે પણ ખૂબ જ જાણીતું છે. આ શેરમાં ઘણી જ નામાંકિત શાળાઓ કોલેજો અને જુદા-જુદા કોર્સિસ માટેની શાળા કોલેજ અને ફેકલ્ટી ઓ પન છે.ઉપર જણાવ્યુ તેમજ આ શહેરમાં જૈન છાત્રો માટે એક સુંદર" વિદ્યાર્થી ગૃહ" છે કે જેની પાસે વિશાળ ગ્રાઉન્ડ બગીચો અને વિશાળ મકાનોની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. આ

છાત્રાલયના પ્રવેશદ્વારે સુંદર મજાનો શિખર બધી દેરાસર છે. જેમાં"શ્રી શાંતિનાથ દાદા" બિરાજમાન છે આ સંસ્થાની સ્થાપના ૨૦૦૨ માં થયેલ છે

150 વિદ્યાર્થીઓની ક્ષમતાવાળા આ છાત્રાલયમાં ડાઈનીંગ ટેબલની સુવિધાવાળા ભોજન ખંડ અને મોટા પ્રાર્થના હોલ પણ ધરાવે છે ગાયનું શુધ્ધ દૂધ-ઘી વાળુ શુધ્ધ અને સાત્વિક ભોજન પીરસે છે. સવારમાં નીત નવો નાસ્તો, બપોરે અને સાંજે ફરસાણ સાથેના ફરતા ભોજન અને અવાર-નવાર મિષ્ટાન શાળાએ રિસેસ માં ખાવા માટે દરેક છાત્રાને અલગથી નાસ્તો અપાય છે. ઋતુ પ્રમાણે ફળો ખજૂર અને વસાણા અપાય છે. અને વર્ષમાં આવતા અગત્યના તહેવારોની ઉજવણી ઓ પણ કરાય છે. એ માટેની સઘળી વ્યવસ્થા અને ખર્ચ સંસ્થા કરે છે. વિદ્યાર્થીઓને મળતા આવતા વાલીઓનું ઉચીત સ્વાગત કરાય છે. છાત્રોને પલંગ,ખુરશી,કબાટ, ગાદલા સહિતની તમામ આધુનિક સુવિધાઓ અપાય છે રમત-ગમતના સાધનો વ્યાયામ ઈન્ડોર ગેમ્સ અને મનોરંજન માટે હોમ થીયેટર પણ અહીં ઉપલબ્ધ છે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અહીં પૂરતી કાળજી લેવાય છે આ બધું હોવા છતાં વિદ્યાર્થી પાસે કોઈપણ પ્રકારનું લવાજમ કેસ ચાર્જ લેવામાં આવતો નથી વિદ્યાર્થીએ માત્ર બે ત્રણ જોડી પુરી પડે છે. શાળાએ જવા માટે બસની સુવિધા પણ સંસ્થા દ્વારા જ કરાય છે. વધુ આગળ અભ્યાસ સંસ્થાની વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષામાં પણ શ્રેષ્ઠ પરિણામ લાવીને સંસ્થા નું નામ રોશન કર્યું છે. આ રીતે વિદ્યાર્થીઓના વિકાસ માટે પૂરતું



ધ્યાન અપાય છે. ધોરણ છ થી કોલેજ સુધીના છાત્રો અને પ્રવેશ અપાય છે. કોમ્પ્યુટર તેમજ અન્ય કોઈપણ કોર્સ કરાવીને સગવડો આપવામાં આવે છે બાળક સ્વનિર્ભર બની ભારતનો શ્રેષ્ઠ નાગરિક બને તે માટેના તમામ પ્રયત્નો અહીં કરવામાં આવે છે. આ સંસ્થા માં અત્યાર સુધીમાં 2200 વિદ્યાર્થીઓ ભણીને પગભર થયા છે

સમયની સાથે ચાલતી આ સંસ્થામાં વ્યાયામ તેમજ કોમ્પ્યુટર શિક્ષણ અને 6 પ્રકારની ગેમ્સ ક્રિકેટ બેડમિન્ટન વોલીબોલ ચેસ કેરમ ટેબલ ટેનિસ ની પણ પૂરતી વ્યવસ્થા કરવામાં આવેલ છે

આ સંસ્થા એક વિદ્યાર્થી પાછળ 60 થી 90 હજારનો ખર્ચ કરે છે આ ઉપરાંત વર્ષ દરમિયાન પ્રવાસનું પણ આયોજન કરવામાં આવેલ છે